Extra No. 174

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 13, 2026 / ASHADHA 21, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૭૦) જીએસટી-૨૦૨૫/એસ.૧૧(૧)(૮૬)-જીએસટી સેલ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-41) GST-2017/S.11(1)(7)-TH, Dated 30th June, 2017, Notification No.12/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંકઃ (જીએચએન-૪૧) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૭)-ઠ,

જાહેરનામું ક્રમાંક. ૧૨/૨૦૧૭-રાજ્ય વેરો (દર૨) સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

જાહેરનામું ક્રમાંક. ૧૬/૨૦૨૫-રાજ્ય વેરો (દર૨)

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન-૭૦) જીએસટી-૨૦૨૫/એસ.૧૧(૧)(૮૬)-જીએસટી સેલઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૯ની પેટા-કલમો (૩) અને (૪), કલમ ૧૧ની પેટા-કલમ (૧), કલમ ૧૫ની પેટા-કલમ (૫) અને કલમ ૧૪૮ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૧) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૭)- ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૨/૨૦૧૭-રાજ્ય વેરો (દર૨) માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

(ક) કોષ્ટકમાં,-

(૧) અનુક્રમાંક ૧૮ ની સામે, કોલમ (૩) માં, ખંડ (ખ) પછી, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:

"સ્પષ્ટીકરણ.- આ નોંધમાંનો કોઈપણ મજકૂર:

(૧) ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા પૂરી પાડવામાં આવતી સ્થાનિક વિતરણ સેવાઓ; અથવા

(૨) ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર મારફત પૂરી પાડવામાં આવતી સ્થાનિક વિતરણ સેવાઓ;

- ને લાગુ પડશે નહિ.";

(૨) અનુક્રમાંક ૩૬-ખ અને તેને લગતી નોંધો પછી, નીચેના અનુક્રમાંક અને તેને લગતી નોંધો દાખલ કરવી:-

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
"૩૬ગ	શીર્ષક ૯૯૭૧	વીમો ઉતરાવનાર, જૂથ ન હોય, ત્યારે વીમો ઉતરાવનારને વીમાકર્તા દ્વારા પૂરી પાડવામાં આવતી જીવન વીમા વ્યવસાયની સેવાઓ. [પરિચ્છેદ ૨-માં ખંડ (વછખ)નો સંદર્ભ લેવો] સ્પષ્ટીકરણ: શંકાનું નિવારણ કરવા માટે, આથી, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે: ક. આ મુક્તિ, વીમો ઉતરાવનાર, એક વ્યક્તિ હોય અથવા એક વ્યક્તિ અને સદરહુ વ્યક્તિનું કુટુંબ હોય, ત્યારે તેવા વીમા કરારને લાગુ પડશે. ખ. ઉપર (ક)ના હેતુઓ માટે, કુટુંબમાં વીમા કરારમાં કુટુંબ તરીકે વીમો ઉતરાવ્યો હોય તેવી તમામ વ્યક્તિઓનો સમાવેશ થશે.	શૂન્ય	શૂન્ય
૩૬ઘ	શીર્ષક ૯૯૭૧	વીમો ઉતરાવનાર, જૂથ ન હોય ત્યારે વીમો ઉતરાવનારને વીમાકર્તા દ્વારા પૂરી પાડવામાં આવતી આરોગ્ય વીમા વ્યવસાયની સેવાઓ. [પરિચ્છેદ ૨-માં ખંડ (વછખ) નો સંદર્ભ લેવો]	શૂન્ય	શૂન્ય

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
		સ્પષ્ટીકરણ: શંકાનું નિવારણ કરવા માટે, આથી, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે: ક. આ મુક્તિ, વીમો ઉતરાવનાર, એક વ્યક્તિ હોય અથવા એક વ્યક્તિ અને સદરહુ વ્યક્તિનું કુટુંબ હોય, ત્યારે તેવા વીમા કરારને લાગુ પડશે. ખ. ઉપર (ક)ના હેતુઓ માટે, કુટુંબમાં વીમા કરારમાં કુટુંબ તરીકે વીમો ઉતરાવ્યો હોય તેવી તમામ વ્યક્તિઓનો સમાવેશ થશે.		
૩૬ચ	શીર્ષક ૯૯૭૧	અનુક્રમાંક ૩૬ ગ અથવા ૩૬ ઘ-માં નિર્દિષ્ટ કરેલી વીમા સેવાઓનો પુનર્વીમો.	શૂન્ય	શૂન્ય”;

(ખ) પરિચ્છેદ ૨- માં,

(૧) ખંડ (વ-ચ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

“(વ-ચ) ‘માલ પરિવહન એજન્સી’ એટલે માર્ગ દ્વારા માલના પરિવહનના સંબંધમાં સેવા પૂરી પાડનાર અને માલ રવાના કર્યાની નોંધ જે કંઈ નામે ઓળખાતી હોય, તે કાઢી આપતી કોઇ વ્યક્તિ; પરંતુ તેમાં,

(૧) સ્થાનિક વિતરણ સેવાઓ જેના દ્વારા પૂરી પાડવામાં આવતી હોય, તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર,

(૨) સ્થાનિક વિતરણ સેવાઓ જેમના મારફત પૂરી પાડવામાં આવતી હોય, તેવા ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર.

-નો સમાવેશ થતો નથી. ”;

(૨) ખંડ (વછક) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

“(વછખ) ઉપરના કોષ્ટકમાં, અનુક્રમાંક ૩૬ ગ અને ૩૬ ઘ પરની નોંધોના હેતુઓ માટે, “જૂથ” એટલે હેતુની સમાનતા સાથે અથવા વીમા મેળવવા સિવાય સામાન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત થવા માટે સાથે જોડાયેલી વ્યક્તિઓનું જૂથ અને, જેમાં-

ક. કામે રાખનાર (જૂથ) - લાગુ પડતા કાયદા અનુસાર માલિક/જૂથ પોલિસીધારક અને જૂથના સભ્યો વચ્ચે કામે રાખનાર-કર્મચારીનો સંબંધ હોય તેવા કર્મચારી જૂથ;

ખ. કામે ન રાખનાર (નોકરીદાતા ન હોય તેવા જૂથ) - વીમા સિવાયની સેવા/પ્રવૃત્તિઓ માટે, માલિક/જૂથ પોલિસીધારક અને જૂથના સભ્યો વચ્ચે સ્પષ્ટ દેખીતો સંબંધ હોય તેવા કર્મચારી જૂથ;

- નો સમાવેશ થાય છે.”;

(૩) ખંડ (વજ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

“(વજક) ‘આરોગ્ય વીમા વ્યવસાય’ એટલે (હોસ્પિટલ)માં દાખલ થયેલા દર્દી અથવા બહારના દર્દીને માંદગી લાભો અથવા તબીબી, શસ્ત્રક્રિયા સંબંધિત અથવા હોસ્પિટલ ખર્ચ લાભો, મુસાફરી કવર અને વ્યક્તિગત અકસ્માત કવર (કવચ) માટે પૂરા પાડવામાં આવતા હોય તેવા કરારોનો અમલ.’’.

૨. આ જાહેરનામું સન ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિનાની ૨૨મી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. નિસર્ગ જોષી,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.25 15:36:30 IST